ઈન્વેસ્ટમેન્ટ

## ડાયાસ્પોરા તેમના મૂળ દેશને લાભ આપે છે, પણ ડાયાસ્પોરા માટે લાભદાયક તક ઊભી કરવા પ્રયાસો થવા જોઈએ

# વ્યવસાય વિકસાવવાનું નવીન મોડલ: ડાયાસ્પોરિક પાસું

સ્ટાર્ટઅપ ટોક

ડૉ. નિરાલી પંડિત

ગત અંકમાં આપણે વ્યવસાયનું મોડલ કેવી રીતે તૈયાર થતું હોય છે તે અંગે ચર્ચા કરી હતી. તે કેટલાંક દ્રષ્ટાંતો સાથે આગળ વધારીએ....

મિલાન એક્ષ્પોર્ટર્સનું વ્યાવસાયિક મોડલ ટ્રેડિંગ એકમમાંથી ઉત્પાદન એકમમાં પરિવર્તિત થયું છે, પછી 100 ટકા નિકાસલક્ષી એકમ બન્યું છે અને અત્યારે આંતરરાષ્ટ્રીય કંપની બની છે.

મોહન (નામ બદલ્યું છે) તેમનાં પિતા (શ્રી પટેલ) સાથે સુરતમાં છેલ્લાં 20 વર્ષથી પરિવાર આધારિત ટેક્સટાઈલ વ્યવસાય ચલાવતાં હતાં. કુટુંબનાં ભાઈઓમાંથી એક (રોહન) વર્ષ 2003માં બ્રિટનમાં સ્થાયી થયાં હતાં અને બ્રિટનમાં રેડીમેઈડ ગાર્મેન્ટ રિટેલ આઉટલેટ શરૂ કર્યો હતો. બ્રિટનમાં રોહને વ્યવસાયને મૂળભૂત રીતે પ્રમોટ કર્યો હતો અને સ્થાપિત કર્યો હતો, જેનાં પાયામાં તેમનું તેમનાં પરિવાર સંચાલિત ટેક્સટાઈલ ટ્રેડિંગ વ્યવસાયમાંથી પ્રાપ્ત જાણકારી અને અનુભવ હતો. તેઓ વર્ષ 2005માં સુરત (ભારત) પરત ફર્યા હતાં. પછી તેમણે ગાર્મેન્ટની ઊંચી ખરીદી કિંમતને ધ્યાનમાં રાખીને બ્રિટનમાં એકમનાં માલિકે મોહનની મદદથી ભારત (સુરત, ગુજરાત)માં ઉત્પાદન એકમને પ્રમોટ કરવાનો નિર્ણય લીધો હતો. સેઝ યોજના મારફતે અનુકૂળ નિકાસ નીતિઓ અને સરકારી પ્રોત્સાહનને કારણે રેડીમેઈડ ગાર્મેન્ટ (આરએમજી) ઉત્પાદન એકમની સ્થાપના સુરત એપેરલ પાર્કમાં થઈ હતી.

બજારની માગ, ફેશન અને ટ્રેન્ડ તથા ડિઝાઈનમાં ફેરફાર સાથે જાણકારી બ્રિટનમાંથી રોહન સુરતમાં મોહનને આપતાં હતાં. આ રીતે સુરત એકમનું સંચાલન કરવું ભાઈ માટે સરળ થઈ ગયું હતું. બ્રિટનનાં ફેશન ડિઝાઈનર્સ પાસેથી ઓનલાઈન તાલીમ અને નમૂનો સ્થાનિક સ્ટાફ (ડિઝાઈનર અને ટેઈલર્સ)ને આપવામાં આવતો હતો. પછી બ્રિટનમાં જરૂરિયાત મુજબ આરએમજીનું ઉત્પાદન થતું હતું અને પછી તેની બ્રિટનમાં નિકાસ કરવામાં આવતી હતી. આ વ્યાવસાયિક મોડલ માહિતીનાં આદાનપ્રદાન, ઉદ્યોગસાહસિક નેટવર્ક અને સુરત એપેરલ પાર્ક એકમમાં ડાયસ્પોરાનાં સંકલનનું પરિણામ હતું. ઉત્પાદન માટે જરૂરી કાચો માલ ચીનમાંથી આયાત કરવામાં આવે છે અથવા તાકીદની જરૂરિયાતનાં કેસમાં સ્થાનિક બજારમાંથી ખરીદવામાં આવતો હતો.

વૈશ્વિક બજારમાંથી કાચા માલની આયાતથી ઉત્પાદનનો ખર્ચ વધી જાય છે એ અહેસાસ થયા પછી બંને ભાઈઓએ આરએમજી માટે સસ્તું ફેબ્રિક અને અન્ય કાચા માલ મળી જાય એ દેશમાં એકમ સ્થાપિત કરવાનો નિર્ણય લીધો હતો. તેમણે ચીનમાં પારિવારિક સંબંધની કડી શોધી કાઢી હતી અને વર્ષ 2006માં એશિયામાં આરએમજી ઉત્પાદનોને ફેબ્રિક અને થ્રેડનાં વેચાણ માટે પિતરાઈ ભાઈનાં નિરીક્ષણ



હેઠળ નવું વેપારી એકમ શરૂ કર્યું હતું. આ વ્યાવસાયિક મોડલ ડાયસ્પોરિક ઉદ્યોગસાહસિકતાનાં નેટવર્ક અને ભારતમાંથી ચીનમાં માહિતીનાં આદાનપ્રદાનનું પરિણામ હતું. તેઓ યુરોપ અને બ્રિટનમાં હવામાન અને ફેશન મુજબ જરૂરી ફેબ્રિકનાં પ્રકાર વિશે માહિતી અને જાણકારીનું આદાનપ્રદાન કરતાં હતાં. એટલે ડાયસ્પોરિક જોડાણની મદદ સાથે આંતરાષ્ટ્રીય વ્યવસાયનું મોડલ વિકસ્યું છે. ત્રણ જુદાં જુદાં દેશો ચીન (કાચા માલનો સપ્લાયર), ભારત (આરએમજી માટે ઉત્પાદક) અને બ્રિટન (રિટેલ આધારે એમઆરજીનું વેચાણ)માં પારિવારિક સંબંધો માફતે સ્થાપિત થયા છે. વર્ષ 2007થી આ ત્રણ એકમો નફો કરી રહ્યાં છે અને વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે એકબીજાને સુનિશ્ચિત બજાર પ્રદાન કરે છે, જે તેમને આ અતિ સ્પર્ધાત્મક ક્ષેત્રમાં અસ્તિત્વ જાળવવામાં મદદ કે છે. આ ફરજિયાત લાભ ઉપરાંત પારિવારિક જોડાણ ધરાવતા વ્યવસાયનાં અન્ય ઘણાં લાભ છે, જેમાં કેટલાંક ટેકનોલોજીનું હસ્તાંતરણ, કૌશલ્યનું હસ્તાંતરણ, મૂળ દેશમાં એફડીઆઈમાં વધારો, જાણકારીનું હસ્તાંતરણ, એમએસએમઈનાં કિસ્સામાં લાંબા ગાળાનાં કરારનો લાભ સામેલ છે, જેમાં કાયમી રોકાણ શક્ય નથી અને ઉદ્યોગસાહસિકતાનાં નેટવર્કનો ફાયદો મળે છે.

ડાયસ્પોરા તેમનાં મૂળ દેશને લાભ આપે છે. પણ ડાયસ્પોરા માટે પણ લાભદાયક તક ઊભી કરવા કેટલાંક પ્રયાસો થવા જોઈએ. આ પ્રકારનું ઉદાહરણ ડાયસ્પોરા અને મૂળ દેશ માટે લાભદાયક સ્થિત ઊભી કે છે. ધ ઓવરસીઝ ઈન્ડિયન ફેસિલિટેશન સેન્ટર એવું નીતિગત વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરે છે, જ્યાં મોટી સંખ્યામાં ઉદ્યોગસાહસિક પ્રતિભાઓ ઊભી થાય અને ભારતીય ડાયસ્પોરા વચ્ચે રહેલી મૂડીને ભારત તરફ વાળી શકાય. એટલે અનુકૂળ નીતિઓ, નાણાકીય વ્યવહારનાં ખર્ચમાં ઘટાડો, વેપારી સુવિધામાં વધારો (પોર્ટ લોજિસ્ટિક્સ, વહીવટી પારદર્શકતા, ઈ-બિઝનેસ સુવિધાઓ) અને માળખાગત સુવિધાઓ સાથે ભારતીય ડાયસ્પોરા તેમનાં મૂળ દેશમાં આર્થિક તકો ઝડપવા બીજું સ્થાન ધરાવશે અને તેની આર્થિક વૃદ્ધિમાં પ્રદાન કરશે. કેનેડિયન ફાઉન્ડેશનની થિંક-ટૅંકનાં કાર્લો ડાડેનાં જણાવ્યા મુજબ, “સ્થળાંતરણ કરતાં લોકો તેમનાં મૂળ દેશનાં લોકો સાથે હવે ઝડપથી, સતત અને ગાઢ રીતે જોડાય છે. ચીનનાં હાઈ-ટેક ઉદ્યોગમાં વિદેશી પરત ફરેલા રોબિન લી અને એરિક ઝુ જેવા લોકોનું પ્રદાન છે. રોબિન લી અને એરિક ઝુ બંને ચીનનાં અગ્રણી સર્ચ એન્જિન અને લિપ્પો ગ્રૂપનાં સ્થાપકો છે. આ ગ્રૂપ રિઆડીસ (ઈન્ડોનેશિયામાં મૂળ ચીની પરિવાર)નાં અન્ય ચાઈનીઝ ડાયસ્પોરા સાથેનું પરિણામ છે. તેઓ ઈન્ડોનેશિયાથી હોંગકોંગ, સિંગાપોર, અમેરિકા, મિડલ કિંગડમ અને ટ્રાન્સ-પેસિફિક ટ્રેડમાં પથરાયેલા છે. એટલે ભારત અને ચીન ડાયસ્પોરામાં અગ્રણી છે.

(લેખિકા: ઈડીઆઈઆઈના છે)(nirali@ediindia.org)